# દાંતીવાડા ખાતે બી.એસ.એફ કેમ્પમાં નાગ પંચમી દીને શીવલીંગ પર નાગે દર્શન દેતા ભકતોની ભીડ

ડીસા, તા. ૬

હીન્દુ શાસ્ત્રમાં શ્રાવણ માસ ભકીતનો માસ ગણાય છે. આ પવિત્ર માસમાં શીવાલયોમાં ઓમ નમઃ શીવાય ના નાદ સાથે ભકતજનો એકરૂપતા કેળવી સમગ્ર માસ દરમ્યાન શીવપુજા અને શીવ આરાધના કરી શીવની ભકીત કરતા હોય છે. આ માસમાં અનેક ધાર્મીક અન્ય તહેવારો પણ આવે છે. જેમાં નાગ પંચમીનુ પણ અનેરૂ મહત્વ છે. નાગ પંચમીના દીવસે શીવને વ્હાલા અને શીવના ગળામાં સ્થાન મેળવતા નાગની પુજાનુ વીષોશ મહત્વ હોય છે. સમગ્ર ભારત વર્ષમાં આજ ના દીવસે નાગ પુજા વીશીષ્ટ રીતે કરવામાં આવે છે. આજના દીવસે ભકતજનો નાગ ની શાસ્ત્રોકતવીધીથી પુજા અર્ચના કરી નાગપંચમીની ઉજવણી કરતા હોય છે.



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

જેમાં એક અચરજ અને આસ્થારૂપ બનાવ દાંતીવાડા ખાત આવેલ બોર્ડર વીંગ બટાલીયન નંબર-૨ ના શીવ મંદિરમાં નોધાવા પામ્યો હતો. આજે બનેલ આ બનાવની વિગતો જોઈએ તો દાંતીવાડા ખાતે આવેલ બોર્ડવીંગ બટાલીયન નંબર-૨ ના શીવ મંદીરમાં આજે એક નાગ શીવ મંદીર ખાતે અવ્યો હતો. અને પુજારી તેમજ અન્ય દર્શનાર્થીઓ ની હાજરીમાં આ નાગ સીધો શીવ મંદીર ખાતે પહોચ્યો હતો. શીવની જાણે આરાધના કરતો હોય તે રીતે આ નાગનુ નાનુ બચ્ચુ શીવલીંગ પર સવાર થયું હતું. સાક્ષાત નાગને જોઈ પુજારી પણ અચરજ પામ્યા હતા. નાગ પંચમીના દિવસે આ બનાવ મંદીરમાં બનતા અને જાણે સાક્ષાત શીવજી નાગ રૂપે ભકતજનોને દર્શન આપતા હોય તે રીતે નાગના આ બચ્ચાએ શીવલીંગ પર સવાર થઈ દર્શન દેતા લોકો આ બનાવ જોઈ ભકિત ભાવ પૂર્વક નત મસ્તક થયા હતા. આ બનાવની જાણ સમગ્ર દાંતીવાડા પંથકમાં થતા શીવાલયમાં નાગ દર્શન માટે લોકોના ટોળેટોળા જમા થયા હતા.

# મટોડાના મોટેશ્વર મહાદેવ મંદિરમાં શિવભકતોની ભારે ભીડ

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામે બિરાજમાન મોટેશ્વર મહાદેવના દર્શનાર્થે શ્રાવણ માસ અને બારેય માસ શિવ ભકતોની ભીડ જોવા મળે છે. પાંડવ કાળના આ શિવાલયમાં ભકતો દ્વારા અબીલ-ગુલાલ-દૂધ-બીલીપત્ર-ફૂલ તથા જળ ચડાવી ધન્યતા અનુભવ કરતા હોય છે. આ શિવાલય સંકુલમાં ૧૩ શિવલિંગો હોવાથી તેરલીંગ મહાદેવ તરીકે પણ ઓળખાય છે.



મટોડા ગામના મોટેશ્વર મહાદેવ મંદિરમાં શિવલીંગ મૂર્તિ આકારનું છે. અને તેની ઉંચાઈ ૩ ફુટ અને ૧૨૧ ફૂટની પહોળાઈ ધરાવતું આ શિવલિંગ કોઈ જટાધારી મહર્ષિની પ્રતિમા સમાન લાગે છે. પીળાશ પડતા રંગના વિશિષ્ટ પ્રકારના પથ્થરમાંથી આ મૂર્તિ બનાવેલી છે. શિવમૂર્તિની નીચેની બાજુએ ચારે તરફ શિવપુરાણના પ્રસંગો કંડારાયેલા છે. આ શિવમૂર્તિ લગભગ પાંચ હજાર વર્ષ કરતાં વધુ પ્રાચીન મહાભારત કાળ સમયની હોવાનું માનવામાં આવે છે. કુન્તા માતા દ્વારા મૂર્તિની સ્થાપના કરવામાં આવેલી એવી લોક માન્યતા છે. બાર શિવલીંગ વિવિધ કદ અને આકાર ધરાવે છે. કેટલાક શિવલીંગ વિશાળ કદના જલાધારી સહીત કંડારીને બનાવેલ છે અને કેટલાક નાના કદના બનાવેલ છે અને તેનો પથ્થર શ્વેત અને શ્યામ છે. આ શિવાલય મહમંદ ગઝનવી તથા અલાઉદ્દીન ખીલજીના સરદાર અલફખાન દ્વારા બે વખત વિધ્વંસ થયા બાદ પુનઃ નિર્માણ પામ્યું છે. મૂર્તિ આકારનું શિવલિંગનું શિવાલય નષ્ટ થવાના કારણે ભાવિકો દ્વારા ખુલ્લા શિવલીંગ પર વાંસની પટ્ટીઓમાંથી બનાવેલ સાદડી (ચટ્ટાઈ) દ્વારા છાયા કરવામાં આવતી હતી. ઘણા સમય સુધી સાદડીનો ઉપયોગ કરવાથી આ શિવલીંગને સાદડીયા મહાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. એ સમયમાં ઈચ્છાપૂર્તિ માટે આવી સાદડી મહાદેવજીને ચડાવવાની માનતા રાખવામાં આવતી એ પરંપરા આજ દિન સુધી ચાલુ છે.

ઈ.સ. ૧૯૪૫માં સ્થાનિક ગ્રામજનો દ્વારા મુખ્ય શિવલીંગનું મંદિર બનાવવામાં આવ્યું અને હિંમતનગર સ્ટેટના મહારાજા હિંમતસિંહજીની ઉપસ્થિતિમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. મોટા ભાગના શિવલીંગોની સામૂહિક પ્રાણ પ્રતિષ્ઠા ઈ.સ. ૧૯૯૬માં કરવામાં આવી હતી. આ બાર શિવલીંગો ભારતવર્ષમાં આવેલા મુખ્ય જયોર્તિલીંગના આકાર જેવો જ લગભગ આકાર ધરાવે છે. આ શિવાલયનો વહીવટ મોટેશ્વર મહાદેવ મંદિર દેવસ્થાન ટ્રસ્ટ મટોડી દ્વારા કરવામાં આવે છે.

# ખાદ્યતેલના ભાવમાં વધારો થતાં મધ્યમ વર્ગ નારાજ

મહેસાણા, તા. ૬

દરેક માનવીના ઘરમાં રોજીંદા જીવન જરૂરીયાતની ચીજો અનાજ, કઠોળ, શાકભાજી અને ખાદ્યતેલોના ભાવમાં અસહ્ય વધારો થતાં વર્તમાન કારમી મોંઘવારીના સમયમાં આમ જનતાને જીવન જીવવું અતિ કઠિન થઈ પડ્યુ છે.

ચાલુ વર્ષે ચોમાસુ વરસાદની અનિયમિતતા અને આવશ્યક ચીજવસ્તુઓના વધતા જતા ભાવોએ શ્રાવણ માસના તહેવારોમાં લોકોની મજા બગડી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી અનાજ, કઠોળ, શાકભાજી અને ખાદ્યતેલોના ભાવોમાં અસાધારણ વધારો થયો છે.જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જીવન જીવવું મુશ્કેલ થઈ પડ્યું છે.

સીંગતેલ સહિત અન્ય ખાદ્યતેલોના ભાવોમાં તોતિંગ વધારો નોંધાયો છે. વધતા જતા ભાવને કાબુમાં લેવા માટે તેમજ સંગ્રહખોરી કરનારા સામે સરકારીતંત્ર તરફથી કોઈ અસરકારક પગલાં ન ભરાતાં તેલના ભાવ બેકાબૂ બન્યા છે. ૧૫ કિલો સીંગતેલના ડબ્બાનો ભાવ વધીને હાલમાં ૨૧૦૦ રૂ.ની સપાટીને વટાવી ગયેલ છે.

આ ઉપરાંત અન્ય ખાદ્યતેલો જેવા કે, કપાસીયા, સોયાબીન, સરસીયું, પામોલીન, સૂર્યમુખી, કોપરેલના ભાવોમાં પણ તીવ્ર વધારો થયો છે. ત્યારે આવી સ્થિતિમાં સામાન્ય માનવીને જીવન કેરી રીતે જીવવું તેની ચિંતા કોરી ખાય છે. આની સીધી અસર તહેવારોની ખરીદી પર પડી છે.



ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની ઉત્તરે લગભગ ૫૦૦ મીટર દૂર અતિ પ્રાચીન ભગવાન શિવનું 'નિલકંઠ મહાદેવ' મંદિર આવેલ છે. વૃક્ષોની વનરાજીથી સુશોભિત આ મંદિરની આજુબાજુમાં ખેતરોની હારમાળા છવાયેલી છે. પવિત્ર શ્રાવણ માસમાં સૌ જીવોની શાંતિ માટે જગતના કલ્યાણ માટે છેલ્લા પંદર વર્ષ કરતાં વધુ સમયથી નિલકંઠ મહાદેવના પુજારી મહંત શ્રી શિવપુરી મહારાજ મૌન ધારણ કરી એક સત્કાર્ય કરી રહ્યા છે. દર સોમવારે લગભગ ૧૦૦થી વધુ બાળકોને બ્રહ્મભોજન આપે છે. નાગપંચમી એ ભાનુશંકર શાસ્ત્રી દ્વારા વરસાદના દેવ વરૂણ ને કમળના ફૂલ દ્વારા લઘુ રૂદ્રયજ્ઞથી અભિષેક કરવામાં આવેલ જેથી આજના આ કળિકાળમાં ગ્લોબલ વોર્મિંગમાં જે અસમતુલા ઉભી થતાં મેઘરાજા રૂઠયા છે તેમના માટે આ પ્રયત્ન કરવામાં આવેલ છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

## ખેડબ્રહ્મા- વિજયનગરમાં મનરેગામાંની ગેરરીતિની ઉચ્ચકક્ષાએ તપાસ આરંભાઈ

ખેડબ્રહ્મા, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા વિજયનગર તાલુકામાં કેન્દ્ર સરકારની મનરેગા યોજના હેઠળ ચેકડેમોના કામમાં ભારે ગેરરીતિ આચરી, બોગસ બીલો ઉધારી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદો થતાં જિલ્લા વિકાસ અધિકારીએ તપાસના ચક્રો ગતિમાન કરેલ છે. જેથી ગેરરીતિ ભ્રષ્ટાચારીઓ સામે ફફડાટ વ્યાપી ગયો છે. તપાસને સંકેલી લેવાની પેરવી થઈ રહેલ છે.

આ યોજનામાં ૨૦૧૧-૧૨માં ગેરરીતિ આચરનાર ત્રિપુટી ઈજનેરો સામે કાર્યવાહી કરવાની જરૂર છે. તેમ લોકલાગણી પ્રવર્તે છે.

# ઉપેરા-ચતુરપુરા ગામની સીમમાંથી દારૂ પકડાયો

ઊંઝા, તા. ૬

ઊંઝા તાલુકાના ઉપેરા-ચતુરપુરા ગામની સીમમાં રાત્રિના સમયે મોટરકારમાં દારૂની થતી હેરાફેરી સંદર્ભે પોલીસે દરોડો પાડી મહિન્દ્રા મેકસ ગાડી વિવિધ બ્રાન્ડની પરપ્રાંતની દારૂની ૨૩૯ બાટલીઓ તેમજ પાંચ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨,૯૭,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ચાર શખ્સોની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા તાલુકાના ઉપેરા-ચતુરપુરા ગામની સીમમાં રાતના સમયે કેટલાક બુટલેગરો ખાનગી વાહનોમાં પરપ્રાંતની બનાવટના દારૂના જથ્થાની હેરાફેરી કરતા હોવાની મળેલ બાતમીના આધારે ઊંઝા પોલીસે સદર જગ્યાએ રાત્રે તપાસ કરતાં એક મહિન્દ્રા મેકસ ગાડીમાંથી દારૂનો જથ્થો ઉતરી રહ્યો હોવાનું માલુમ પડતાં આ સ્થળેથી પરપ્રાંતની બનાવટની દારૂની જુદી જુદી બ્રાન્ડની ૨૩૯ બાટલીઓનો જથ્થો જેની કિંમત ૪૦,૭૦૦ની થવા જાય છે તે અને મહિન્દ્રા ગાડી નં. જીજે ૧૮ એએ ૯૫૨૮ તથા પાંચ મોબાઈલ ફોન મળી કુલ ૨,૯૭,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી આ સ્થળેથી ચાર શખ્સોને પકડી પાડી તેઓની વિરધ્ધ પ્રોહિબિશન એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન પકડાયેલ દારૂનો જથ્થો કયાંથી આવ્યો હતો ને કયાં જતો હતો તેની કોઈ હકિકત બહાર આવી નથી. પકડાયેલા આરોપીઓમાં ઠાકોર મોહતાજી સેંધાજી રહે. ઉપેરા-ચતુરપુરા, ઠાકોર પરથીજી દિવાનજી રહે. તાવડીયા, ઠાકોર પોપટજી મફાજી રહે. તાવડીયા, સેનમા ગૌતમ ચેલાભાઈ રહે. સિધ્ધપુરનો સમાવેશ થાય છે.

# ખેડબ્રહ્મા તાલુકામાં જન્માષ્ટમી ઉત્સવ ઉજવાશે

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર-સ્વામીનારાયણ મંદિર તથા ગઢડાના શામળાજી મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે અને તે માટેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

ખેડબ્રહ્મા શહેરના રાધાકૃષ્ણ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ આગામી શુક્રવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંદિરને આસોપાલવ-ફૂલહાર તથા લાઈટીંગથી શણગારવામાં આવશે. જન્માષ્ટમી નિમિત્તે ભગવાનની મહાપૂજા-અભિષેક-આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. મહાપુજાના યજમાન તરીકે અમદાવાદ-સરસપુરના નીતાબેન નરેશકુમાર મોદી ધર્મલાભ લેશે. તેમના તરફથી ૪૧૫ ગ્રામના ચાંદીના સાંકળા ભગવાનને અર્પણ કરવામાં આવશે. કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભજન સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સોજીત્રા તાલુકાના મલાતંજ ગામના કૃષ્ણભજન મંડળ દ્વારા ગણપતિ-હનુમાનજી-સાંઈબાબા-જલારામ-જોગીડો અને રાધાકૃષ્ણના પાત્ર વેશભૂષા સાથે ભજવવામાં આવશે. આ પ્રસંગે ભગવાનને પ્રિય ખંજરીનો પ્રસાદ ભાવિક ભક્તોને વહેંચવામાં આવશે. શહેરના સ્વામીનારાયણ મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવશે. તાલુકાના ગઢડા શામળાજી મુકામે જન્માષ્ટમી નિમિત્તે પુજા-ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે અને જન્માષ્ટમીનો મેળો પણ ગઢડા શામળાજી ખાતે ભરાશે. જન્માષ્ટમીને લઈને તાલુકામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોકસી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# નેશનલ હાઈવે ટોલટેક્ષની ગેરરીતિ સામે ગૃહમંત્રીએ રજૂઆત કરી

હિંમતનગર, તા. ૬

ભારત સરકારના નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના કોન્ટ્રાકટરો વિવિધ પ્રકારે ગેરરીતિઓ આચરતા હોય છે. વિકાસના નામે પર્યાવરણને નુકશાન કરે છે. વૃક્ષોને આડેધડ કાપે છે. જેથી તાપમાન વધે છે. તથા ટોલટેક્ષ આડેધડ વસુલાત કરે છે. ખુલ્લેઆમ લૂંટ ચલાવે છે. આ અંગેની ફરિયાદ સામાજિક કાર્યકર રમેશચંદ્ર હરીશચંદ્ર ચોકસીએ ગૃહ પ્રધાનશ્રી પ્રફુલ્લભાઈ પટેલને લેખિતમાં કરેલ છે. જેની ગૃહમંત્રીશ્રીએ દિલ્હી ખાતે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાને રજૂઆત કરેલ છે. આ રજૂઆતથી સમગ્ર હકીકતની ઉચ્ચકક્ષાએથી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# ડીસા મામલતદાર રોડ પરના ૬૪ કેબીનધારકોને પ્રમુખે વૈકલ્પિક વ્યવસ્થાનું વચન ન પાળતા આવેદનપત્ર આપ્યું

ડીસા, તા. ૬

ડીસામાં મામલતદાર રોડ પર નગર પાલિકા વિકાશ ફાળામાં રકમ ભરી નાનકડી દુકાનો બનાવી પેટીયું રળતાં ચોસઠ દુકાન દારોના કેબીનો અને દુકાનો ત્રણ વર્ષ અગાઉ વિકાસ પથના નવીન કામો ટળે તોડી પડાયા હતા. જોકે નગરપાલિકાએ આ દુકાનદારોને વૈકલ્પીક વ્યવસ્થા પુરી પાડી આપવાની ખાતરી આપતા દુકાન દારોએ વૈકલ્પીક વ્યવસ્થઆની આસમાં નગરપાલિકાને સહયોગ આપી નજર સામે પોતાને રોજીરોટી આપતી દુકાનો ખાલી કરી આપી હતી જેનાપર નગરપાલિકાના દબાણ સેલે બુલડોઝર ફેરવી આ દુકાનો તોડી પાડી હતી. જોકે પાલિકાએ વૈકલ્પીક વ્યવસ્થા ના પુરી પાડતાં. આ કેબીન ધારકોએ બે વર્ષ પહેલા જલદ કાર્યક્રમો આપ્યા હતા અને પાલિકાના નામનું નાહીનાખી માથે મુંડન કરાવી ગાંધીગીરી સમાન વિરોધ નોંધાવ્યા હતો. જોકે તે વખતે પણ શહેરના અગ્રણીઓએ વૈકલ્પીક વ્યવસ્થાની ખાત્રીઆપી હતી. આ અગ્રણીમાં પુર્વ ભાજપ જીલ્લા પ્રમુખ મહેશભાઈ દવે દ્વારા સ્પષ્ટ ખાત્રી અપાઈ હતી કે. પીડીત કેબીન ધારકોને વૈકલ્પીક વ્યવસ્થા પુરી પાડવામાં આવશે કેબીન ધારકો તેમની આ ખાત્રીને ન્યાય સમાન ચુકાદોમાની તેમના દેખાવો બંધ કર્યા હતાં. જોકે તે બાદ પણ કોઈ ફળ દાયી પરીણામ ન આવતાં આ કેબીન ધારકોએ તાલુકા પંચાયત કચેરી ડીસાના પટાણગણમા અનશન હાથ ધર્યુ હતું. જેનુ પણ કાઈ ફળ દાયી પરીણામ ન આવતા અને પાલિકા પ્રમુખ વિપુલભાઈ શાહે જાહેરમાં આ કેબીન ધારકોને જનરલ બોર્ડમાં ઠરાવ કરી કાયમીરીતે રોજીરોટી માટે જગ્યા ફાળવણી કરવાનું વચન આપતા. પુન પાલીકા પ્રમુખ ના બનાવટી અને જુઠ્ઠા વચન તળે કેબીન ધારકો ભરમાયા હતા. અને અનસન માંપારણા કરી પાલીકા પ્રમુખના વચન મુજબ ના જનરલ બોર્ડના ઠરાવ બાદની જગ્યા ના દિવા સ્વપ્રો સેવ્યા હતા. જોકે પાલીકા પ્રમુખ વિપુલભાઈ શાહનુ આપેલ વચન પોકળ અને જુઠુ સાબીત થયું હતું. જેનાથી વારંવાર શહેરના આગેવાનો અને કહેવાતા નેતાઓ ના વચનોથી ભરમાયેલા કેબીન ધારકો હવે લડાયક મુડમાં આવ્યા હતા. તેઓએ આજરોજ ડીસા મામલતદાર કચેરીએ એક આવેદનપત્ર રજુ કરી ૩ વર્ષથી તેમના રોજી રોટીનો મુખ્ય પ્રશ્ન વેકલીપીક વ્યવસ્થા માટેની જગ્યા ની વાત પુનઃ દોહરાવી ન્યાય માંગયો હતો. આ કેબીન ધારકોએ ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો પંદર દિવસમાં તેમના રોજીરોટીના પ્રશ્ન સમાન વેકલપીક વ્યવસ્થા મુજબ તેઓને જગ્યા નહી અપાય તો ઉગ્ર આંદોલન કરાશે.

## હરાજીથી વાહનો વેચવાના છે

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નીચે જણાવેલ વાહનો જે છે તે હાલતમાં વેચવાના છે.

| ક્રમ | મોડેલ અને વાહન નંબર | ખરીદીનું વર્ષ | તળિયાની કિંમત (તેથી ઓછા ભાવ સ્વીકારવામાં આવશે નહિં | ડીપોઝીટની રકમ (રોકડ શાખામાં જમા કરાવવાની રહેશે |
|---|---|---|---|---|
| ૧. | જીજે/૧૮/જી/૧૫૨૦ મારૂતિ એસ્ટીમ CNG કીટ | ૨૫/૧૧/૨૦૦૨ | રૂ. ૬૫૦૦૦/- | રૂ. ૫૦૦૦/- |
| ૨. | જીજે/૧/જી/૧૦૦૧ એમ્બેસેડર કાર | ૨૯/૧૧/૧૯૯૮ | રૂ. ૧૮૫૦૦/- | રૂ. ૨૦૦૦/- |
| ૩. | જીજે/૧/જી/૨૪૮૯ ફીયાટ | ૨/૭/૧૯૯૪ | રૂ. ૯૭૦૦/- | રૂ. ૨૦૦૦/- |

વાહન ખરીદવાની ઈચ્છા ધરાવતી પાર્ટી / ઈસમોએ આ વિભાગની રોકડ શાખામાં રોકડેથી ડીપોઝીટ જમા કરાવી સાદા કાગળમાં પોતાના નામ સરનામા ટેલિફોન નંબર અને તેઓની ઓફર વગેરે વિગતો સીલબંધ કવરોમાં ડીપોઝીટની રસીદ સાથે મોડામાં મોડા આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં આ વિભાગને મોકલી આપવાની રહેશે. મેળવેલ ટેન્ડરો આ અંગેની કમિટી દ્વારા નાયબ સચિવશ્રી એસ. બી. ચૌધરીની ચેમ્બર ખાતે તા. ૨૩-૮-૨૦૧૨ના રોજ સવારે ૧૨-૦૦ કલાકે પાર્ટી / ઈસમોની ઉપસ્થિતિમાં ખોલવામાં આવશે. હરાજીની શરતો અને બોલીઓ આ વિભાગના નોટીસ બોર્ડ પર તથા વિભાગની વેબસાઈટ www.panchayat.gujarat.gov.in પર જોવા મળી શકશે.

સહી/-
(ડી. એમ. પઠાણ)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
માહિતી/૧૦૧૪/૧૨-૧૩ બ્લોક નં. ૮/૩, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧